બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **"તમારી પાસે જ કલ્યાણ છે એવી અમોને પ્રતીતિ થઈ છે." (૧૭/૫૩)** બે બ્રાહ્મણો - શ્રીજીમહારાજને
દ્વારકાના દર્શને જતાં બે બ્રાહ્મણોને ભુજમાં મહારાજના દર્શન થયાં અને તેમણે મહારાજની સેવામાં દીક્ષા લઈને રહેવાની વાત મહારાજને કહે છે ત્યારે.

૨. **"બોલો, મહારાજની શી આજ્ઞા છે ?" (૨૮/૮૫)** ડોસાભાઈ - ભગુજીને
ગોળનાં ગાડાં જોખતા ડોસાભાઈને અચાનક ઘોડા પર ભગુજીનાં દર્શન થતાં ગોળ જોખવો પડતો મૂકી ભગુજીને દંડવત્ પ્રણામ કરતાં કહે છે.

૩. **"મને આપના આશીર્વાદ મળશે કે નહિ ?" (૧૧/૩૦)** વેશ્યા - મહારાજને
પોતાની જાતે ઘઉં દળીને લોટનો ટોપલો મહારાજના ચરણ આગળ મૂકી હાથ જોડીને મહારાજને પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **શ્રીજીમહારાજે ઉકાખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. (૩/૧૦)**
લીંબતરુ નીચેના ઓટાને કૂતરાએ બગાડેલો બધાએ જોયો પણ કોઈને તે સાફ કરવાનો સંકલ્પ ન થયો. પણ ઉકાખાચરને મહારાજ અને સંતો-હરિભક્તોનો મહિમા તે બધા ક્યાં બેસશે તે વિચારથી ઓટો સાફ કરી ઘેલે નાહીને પછી સભામાં આવ્યા. તેથી મહારાજે રાજી થઈને ઉકાખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

૨. **મહારાજનો દ્રોહ કરવા છતાં જીવાખાચરને શ્રીજીમહારાજ પોતાના ધામમાં તેડી ગયા. (૭/૨૨)**
ગઢપુરમાં ખૂબ વરસાદ પડ્યો ચારે બાજુ પાણી ભરાયા હતા. ત્યારે મહારાજને દિશાએ ક્યાં જવું તે વિમાસણ ઊભી થઈ. ત્યારે જીવાખાચરે ઘરના રસોડામાં ચૂલા પર મહારાજને દિશાએ જવા કહ્યું. વરસાદમાં લાકડાં પલળી ગયાં હતાં. ત્યારે કીંમતી ઢોલિયાના પાયાને પાંગત્ય કાપી, તેની તાપણી કરી મહારાજને તપાડ્યા. મહારાજને શેરડી જમતાં આંગળીએ ફાંસ વાગી ને લોહી નીકળ્યું ત્યારે પોતાના અમૂલ્ય ફેંટામાંથી ચીંથરી ફાડી મહારાજની આંગળીએ પાટો બાંધ્યો. એકવાર કથામાં મહારાજને થૂંકવાનું થયું તો પોતાની પાઘ ઉતારી મહારાજ પાસે ધરી દીધી. આમ મહારાજની આવી દુર્લભ સેવા પોતે ભક્તિ ભાવપૂર્વક કરી હતી. પણ દાદાખાચર પ્રત્યે મહારાજનો પક્ષપાત સહન ન થવાથી ઈર્ષ્યાનાં બીજ વવાયાં. તે જીવાખાચરના મનમાં શ્રીજીમહારાજને મારી નાખવા સુધીનો વિચાર આવ્યો અને અમલમાં પણ મૂક્યો. રોજના ક્રમ પ્રમાણે મહારાજ રાત્રે સંડાસ જાય ત્યારે સંડાસમાં રામ ખાચરને જમીન અને રોકડ રકમની લાલચ આપી ઉઘાડી તલવારે ઉભો રાખ્યો જેથી મહારાજ આવે કે તરત જ મારી નંખાય પણ તે દિવસે મહારાજ જાતે ફાનસ લઈને જવાને બદલે ભગુજીને સંડાસમાં ફાનસ મૂકવાનું કહ્યું. ભગુજી સમજ્યા નહિ. તેથી મહારાજે કહ્યું, 'ત્યાં કાંઈક કૌતુક છે.' ભગુજીએ સાવચેતીથી બારણું ખોલ્યું તો ત્યાં રામખાચરને ઉઘાડી તલવારે જોયા. રામખાચરે મહારાજ આગળ કબુલ્યું 'હું તો નિર્દોષ છું. મેં તો જીવાખાચરના કહેવાથી આ કર્યું છે.' મહારાજે તેને માફી આપી છોડી મૂક્યો. જીવાખાચરના અંત સમયે અમૂલાબાઈએ મહારાજને પ્રાર્થના કરી કે તેઓ જીવાખાચરના કૃત્ય સામું ન જોવે ને તેમને ધામના અધિકારી બનાવે. મહારાજ પણ જીવના કૃત્ય સામું જોતા નથી પણ જીવાખાચરે જે સેવા કરી હતી. તેના પ્રતાપે તેમને ધામમાં લઈ ગયા.

૩. **આપણે સો જન્મે નહીં આ જ જન્મે ઉત્તમ ભક્ત બની શકીએ. (૧૪/૪૪)**
શ્રીજીમહારાજે વચનામૃત વર. ૫માં કહ્યું છે, 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ પ્રસાદીએ કરીને માનસી પૂજા કરે... એવી રીતે ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તે કનિષ્ઠ ભક્ત હોય ને બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન અને ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. આ વચનાનુસાર ભગવાનના ઉત્તમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની શ્રીજીમહારાજની સાથે માનસી પૂજા કરવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત બની શકાય.

૪. **સ્વયંપ્રકાશાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે રોકાઈ ગયા. (૨૦/૬૧-૬૨)**
બંગાળના એક આશ્રમના મહંતે શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળી. મહારાજની વાતો કરતા તીર્થવાસીઓની વાતચીતથી જ ઓસરીમાં શીતળ તેજ છવાઈ ગયું. જ્યારે વાતો બંધ થઈ કે પ્રકાશ અદૃશ્ય થઈ ગયો. મહંતે વિચાર્યું કે જેની વાત કરવામાં જ આવો અદ્‌ભૂત-ઐશ્વર્ય પ્રતાપ જણાય છે તો તેમનામાં કેવું અપાર ઐશ્વર્ય હશે. આમ વિચારી પોતાના દસ-

બાર શિષ્યોને સાથે લઈ દ્વારકાની જાત્રાએ નીકળ્યા. ફરતાં ફરતાં લોજમાં આવ્યા. અહીં સદાવ્રતમાં ભિક્ષા લેવા આવ્યા. મહારાજ સ્વયં ભિક્ષા આપતા હતા. તેમનાં દર્શન માત્રથી જ મહંતને સમાધિ થઈ અને તેમાં બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, ગોલોક વગેરે ધામોનાં દર્શન થયાં. પછી અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર બિરાજમાન અનંત કોટિ મુક્તોથી વીંટળાયેલા, સ્તુતિ કરતા ને અપાર દિવ્ય ઐશ્વર્યયુક્ત એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં. આ દર્શનથી તેમને અંતરમાં ખૂબ શાંતિ થઈ ગઈ. વૃત્તિ મહારાજમાં સ્થિર થઈ ગઈ. પછી સમાધિમાંથી જાગ્રત થઈ ઉતારે ગયા. ઉતારેથી એકલા જ મહારાજ પાસે આવી પોતાને સેવામાં રાખવા વિનંતી કરી. મહારાજે તેમને સાધુ બનાવી સ્વયંપ્રકાશાનંદ નામ પાડ્યું.

**પ્ર.૩ નીચે આપેલાં વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**૧. ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ (૧/૧) અથવા** ગૃહસ્થાશ્રમી પુરુષે સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રી તેનો સ્પર્શ ન કરવો. યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તેની સાથે પણ આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થળે ન રહેવું. આપત્કાળમાં સ્ત્રીની રક્ષાને અર્થે પ્રયોજન હોય તેટલો પ્રસંગ રાખવો. વિદ્વાન હોય, શાસ્ત્રજ્ઞ હોય તેણે પણ આ વાત અવશ્ય સમજવી. બ્રહ્માજી પણ કામથી વ્યાકુળ મનવાળા થઈ પોતાની જ પુત્રી સરસ્વતીને જોઈને મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા. પોતાની સ્ત્રીનું કોઈને દાન ન કરવું. તેથી તેના પતિવ્રતપણાનો ભંગ થાય તેનું પાપ દાન કરનારને લાગે. આ નિષ્કામ ધર્મની રીત મહારાજે બતાવી છે. અતિથિ જ્યારે આવે ત્યારે ગૃહસ્થ સત્સંગીએ પોતાની શક્તિ પ્રમાણે ભોજન અથવા સીધું આપી તેમનો આદર કરવો. દેવસંબંધી બ્રહ્માદિક દેવતાનું તર્પણ, પિતૃકર્મ, શ્રાદ્ધાદિ કર્મ તે પણ યથાશક્તિ કરવા. અહીં ધર્મક્રિયા અને શાસ્ત્રપ્રણાલી જાળવવાનો શ્રીજીમહારાજનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે. (૧૩૮) સત્સંગીમાત્રે પોતાને જન્મ આપનારી મા, સાવકી મા, પિતા, ગુરુ અને રોગથી પીડાતા મનુષ્યની સેવા જીવન પર્યંત કરવી. સેવાનો મહિમા વિશેષ છે. શ્રીજીમહારાજે વનવિચરણ દરમિયાન સેવકરામની સેવા કરી હતી. કમળશી વાંઝાની સેવા ઝીણાભાઈએ કરી તો મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી સેવાનું ફળ આપ્યું અને સેવાધર્મનું મહત્ત્વ સમજાવ્યું. (૧૩૯) પોતાના આશ્રમને ઉચિત ઉદ્યમ યથાશક્તિ કરવો, પણ પોતાનાથી અધિક અથવા ઓછી સંપત્તિવાળાનો વાદ ન લેવો. કૃષિવૃત્તિવાળા સત્સંગી ગૃહસ્થોએ બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. (૧૪૦) સત્સંગી ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે દેશકાળને અનુસરીને જેટલી પોતાના ઘરમાં જરૂરિયાત હોય તે પ્રમાણે અન્ન - દ્રવ્યનો સંગ્રહ કરવો. આ પ્રમાણે સંગ્રહ કર્યો જ હોય તો સારા-માઠા પ્રસંગોએ દ્રવ્ય ઉપયોગી થાય. પશુ રાખનાર ગૃહસ્થોએ પશુઓ પર દયા રાખવી. પશુના નિભાવ માટે ચારપૂળા એટલે કે જરૂર પૂરતા પશુખોરાકનો સંગ્રહ કરવો. સમયે સમયે ઘાસ, પાણી વગેરેથી પશુની સંભાવના થઈ શકે તેમ હોય તો રાખવાં. ન પળાય તો બીજા દયાવાન જનોને આપી દેવાં. (૧૪૧-૧૪૨) બે પ્રતિષ્ઠિત ધર્માચરણવાળા, શુદ્ધ ચારિત્ર્યવાળા ગૃહસ્થની સાક્ષી રાખી, લખાણ કરીને ખેતર, જમીન, ઘર, દ્રવ્ય, ઘરેણાં વગેરે આપવાં-લેવાનો વ્યવહાર કરવો, શુભ કાર્યમાં પણ સાક્ષી રાખીને વિવાહ વગેરેમાં નિર્ણય કરવો. આ પ્રમાણે વર્તવાથી કોર્ટ-કચેરીમાં જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ રીતે આપણું જીવન નિર્વિઘ્ન બને છે. (૧૪૩-૧૪૪) આવક અને ખર્ચને યાદ રાખી સારા-સ્વચ્છ અક્ષરે પોતે નામું લખવું. બીજા પાસે લખાવવાથી છેતરાવાનો સંભવ રહે છે. અધ્યાત્મનું પણ નામું લખવું. (૧૪૫-૧૪૬) પોતાની આવકનો ધન ધાન્યાદિકનો દશમો ભાગ અને વ્યવહારે દુર્બળ હોય તેણે વીશમો ભાગ ઠાકોરજીને અર્પણ કરવો તેથી અન્ન દ્રવ્યની શુદ્ધિ થાય છે. (૧૪૭) એકાદશી, હરિનવમી અને ચાંદ્રાયણાદિક જે વ્રતનું ઉદ્યાપન પૂર્ણાહુતિ તે શક્તિ પ્રમાણે દાન, હોમ, બ્રહ્મભોજન અને મહાપૂજા કરાવવી. શ્રાવણ માસમાં મહાદેવનું પૂજન કરવું. સત્સંગીઓએ સર્વ દેવોનો આર્વિભાવ પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં કરી ભક્તિભાવપૂર્વક પૂજન કરવું. (૧૪૮-૧૪૯) દેવ તથા ધર્માચાર્યનું દ્રવ્ય લેવાથી પુણ્યનો ક્ષય થાય છે તેથી દેવ તથા ધર્માચાર્યનું કરજ ન કરવું, પાત્ર, વાસણ, ઘરેણાં, વસ્ત્ર, વાહન, ઈંટ, પથ્થર જેવી વસ્તુઓ માંગી લાવવી નહિ. (૧૫૦) મંદિર, ગુરુ, સાધુનાં દર્શન કરવા જતાં માર્ગમાં તેમજ અન્ય સ્થાનકને વિષે પારકું અન્ન ન ખાવું. સેવાકાર્ય નિમિત્તે રોકાવાનું થાય તેમાં અન્નાદિક ગ્રહણ કરવાનો બાધ નથી. (૧૫૧) પોતાના કામકાજ અર્થે રાખેલ ગરીબ મજૂરો પ્રત્યે દયાવાન થઈ તેમને નક્કી કર્યા પ્રમાણે ધન-ધાન્ય આપવું ઓછું ન આપવું. કરજ ચૂકવતી વખતે બે સાક્ષી રાખી લખત કરી કાર્ય કરવું. પોતાનો વંશ અને કન્યાદાન છુપાવવાં નહિ. આ પ્રસંગે સંબંધીજનોની ઉપસ્થિતિ આવશ્યક છે. (૧૫૨) ધનાઢ્ય સત્સંગી ભક્તોએ હિંસાએ રહિત ભગવાન સ્વામિનારાયણના સંબંધવાળા યજ્ઞો કરવા તેમજ તીર્થ જે સંતોનાં પ્રસાદીભૂત મંદિરો, મહારાજ તેમજ તેમના ધારક સંતોના સંબંધવાળાં સ્થાનોમાં દ્વાદશી, પૂર્ણિમા તેમજ સમૈયા ઉત્સવ આદિ પ્રસંગોએ બ્રાહ્મણ સાધુ, પાર્ષદ હરિભક્તો વગેરેને જમાડવા. સાધુને ધોતિયાં ઓઢાડવાં. મંદિરમાં દાન કરવું. બ્રાહ્મણ-ગરીબ સત્સંગીને દાન કરવું. (૧૫૫-૧૫૬)

**૨. મહિમા (૩૦/૮૯)** શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. સર્વ દોષે રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી, સર્વના સ્વામી, સર્વના આધાર અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથેનો દૃઢ નિશ્ચય કરવો તે પુરુષોત્તમ નારાયણનો દૃઢ મહિમા કહેવાય. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે. માયા, ઈશ્વરો અને જીવોથી પર છે. સર્વ જગતના કારણ આધાર અને દોષે રહિત છે. ભક્તિનો આદર્શ છે. અક્ષરબ્રહ્મરૂપે થઈએ ત્યારે જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય અને સેવામાં રહેવાય તેવો મહિમા સમજવો. પોતાને મળ્યા જે પરમ એકાંતિક સંતના સ્વરૂપ દ્વારા જ મહારાજ પૃથ્વી ઉપર વિચરણ કરી મુમુક્ષુઓને સુખ દઈ

કલ્યાણ કરી રહ્યા છે. તેમનામાં નખશિખા મહારાજ સમ્યક્ પ્રકારે રહ્યા છે. અણુમાત્ર છેટા થતા નથી. તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયા રહિત સમજવું. જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો આવો મહિમા સમજવો. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો મહિમા ભગવાનના ભક્તનો સમજવો. મહિમા સમજવાથી વેર ન બંધાય, સમગ્ર સત્સંગ દિવ્ય ભાસે, સંપ, સુહૃદયભાવ એકતાના ભાવે વર્તે, ધર્મમર્યાદા લોપાય નહિ, બીજા કરતાં અધિક વર્તે, ક્યારેય ધર્મમાંથી પડે નહિ, પોતાને કૃતાર્થ અને પૂર્ણકામ માને, મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

૩. **રામબાઈ (૨૪/૭૩) અથવા** ગુજરાતમાં મહેમદાવાદ પાસે કઠલાલ ગામનાં વતની બ્રાહ્મણ હરિભક્ત રામબાઈ આખા ગામમાં એકલા જ સત્સંગી હતાં. મહારાજ પ્રત્યે તેમને અનન્ય નિષ્ઠા હતી. તેઓ એક દિવસ કૂવે પાણી ખેંચી રહ્યાં હતાં. તે સમયે શ્રીજીમહારાજ સંતમંડળ સાથે ગામની ભાગોળેથી પસાર થયા. તેઓએ મહારાજ પાસે આવીને વિનંતી કરી કે હે મહારાજ ! આપ ગામમાં પધારી મારું ઘર પાવન કરો. આપનાં પુનિત પગલાંથી ગામમાં સત્સંગ વધશે. મહારાજ કહે, 'અમારે વરતાલ પહોંચવાની ઉતાવળ છે. માટે રાજી થઈને રજા આપો.' મહારાજની મરજી નથી તે જાણી તેઓ કાંઈ બોલ્યા નહિ. પોતાના ઈષ્ટદેવની મરજી પ્રમાણે જે વર્તે તે આદર્શ ભક્ત. તેથી રામબાઈએ માથેથી પાણીનું બેડું ઉતાર્યું. સર્વેને ભાવથી પાણી પાયું અને પછી કહ્યું, હે મહારાજ ! 'આ પાણીના ઘડામાં આપ પગ બોળો.' મહારાજે પૂછ્યું, 'આ પાણીનું તમે શું કરશો ?' રામબાઈએ કહ્યું, 'આ ચરણામૃત થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ. ગામમાં સત્સંગ નથી. તેથી જાણે અજાણે જે આ પાણી પીશે તે સત્સંગી થઈ આપનું ભજન કરશે.' મહારાજ તેમના ભક્તિભાવથી ખુશ થઈ ગયા. પ્રસન્ન થઈને પાણીના ઘડામાં પગ બોળ્યા. રામબાઈએ થોડું પાણી પીને બાકીનું કૂવામાં નાખ્યું. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાં અત્યારે પણ સત્સંગ જળવાઈ રહ્યો છે.

૪. **અદ્‌ભુતાનંદ સ્વામી (૪/૧૧)** અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવન ખરેખર અદ્‌ભુત છે. તેમનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ હતું. તેમના માતાનું નામ દેવુબાઈ તથા પિતાનું નામ સંઘા પટેલ હતું. સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પાસે કડું ગામમાં કલ્યાણદાસનો જન્મ થયો હતો. કલ્યાણદાસ તથા તેમના કાકા રામાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા. શ્રીજીમહારાજનાં દર્શનનો યોગ સૌ પ્રથમ માંગરોળમાં રામાનંદ સ્વામીના અક્ષરધામગમન બાદ થયો. કલ્યાણદાસને મેથાણ ગામના તેમના મામા અજા પટેલ તરફથી સત્સંગનો વારસો મળ્યો હતો. પિતા સત્સંગી ન હતા. દેવુબાઇ સત્સંગ કરે તો સંઘા પટેલને ગમતું નહિ. છતાં પણ તેમણે તેમના પુત્રોમાં સત્સંગના શુભ સંસ્કારનું સિંચન કરવામાં ખામી રાખી ન હતી. સમય આવતાં કલ્યાણદાસનું લગ્ન મેથાણ ગામે થયું. આ લગ્નવિધિ ધામધૂમપૂર્વક અજા પટેલની છત્રછાયામાં પૂર્ણ થવાની તૈયારીમાં હતી ત્યાં જ તેમને શ્રીજીમહારાજનો આજ્ઞાપત્ર ખેપિયા દ્વારા મળ્યો. 'માંચા, સુરા, સોમલા, અલૈયા, મૂળુ, નાજા આદિક ભક્તજનો સીમમાં હો, ઘરમાં હો, જ્યાં હો ત્યાંથી ખાવુંપીવું પડતું મૂકીને ચાલી નીકળજો અમારું ગમતું છે.' મહારાજે બધાની ઉપાધિ પોતે ભોગવશું તેમ જણાવ્યું. આ પત્ર વાંચીને અજા પટેલ જવા તૈયાર થયાં. કલ્યાણદાસને આ ખબર પડી. તેમણે મહારાજનો પત્ર માંગીને બે ત્રણ વખત વાંચ્યો અને તેમણે પણ મામાની સાથે જવાનું નક્કી કર્યું. અજા પટેલે કહ્યું ''પણ આમાં તમારું નામ ક્યાં છે ?'' તરત જ કલ્યાણદાસે કહ્યું આમાં છેલ્લે **'આદિ' શબ્દ** લખ્યો છે તેથી **તેમાં મારું નામ પણ આવી જાય છે.** ભાણેજનો અફર નિર્ણય જાણીને તેઓ કાંઇ બોલ્યા નહિ. શુભ લગ્ન પ્રસંગે આવી વિચિત્ર વાત સાંભળી સંબંધીઓ તથા સાસુ સસરાએ ખૂબ સમજાવ્યા પણ તેમણે જરાય મચક ન આપી અને મક્કમતાપૂર્વક કોઇને મળ્યા વિના જ સીધા લગ્ન મંડપમાંથી મામા સાથે ચાલી નીકળ્યા અને મહારાજના આદેશ મુજબ જેતલપુર રામદાસ સ્વામીને મળીને સીધા ચાલીને ભુજ આવ્યા. શ્રીજીમહારાજે ગામ બહાર સૌનું સ્વાગત કરી નવા પરમહંસોને અતિશય હર્ષપૂર્વક બાથમાં લઇને ખૂબ ભેટ્યા. સૌની ખૂબ પ્રસંશા કરી પૂછ્યું 'આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં હતું ? તે કેમ આવ્યા છે ?' ત્યારે કલ્યાણદાસે કહ્યું 'હે મહારાજ આપે કાગળમાં **'આદિક ભક્તજનો'** એમ લખ્યું હતું તે **આદિકમાં હું ગણાઈ જાઉં ?'** જગતના નાશવંત સુખમાં ન રહેતાં મહારાજનું ગમતું કરવા આવેલ કલ્યાણદાસને ખરા ખપવાળા જાણી પાસે બોલાવી મીંઢળ છોડી નાખીને સાધુની દીક્ષા આપી. 'બીજા કોઇથી પણ ન થાય એવું અદ્‌ભુત કાર્ય તમે કર્યું છે માટે તમારું નામ **અદ્‌ભુતાનંદ** પાડીએ છીએ.' એમ કહી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં પોતાના વતનનાં ગામ કડુમાં તથા સસરાના ગામ મેથાણમાં જઈને ભીક્ષા માગી આવ્યા અને આકરી કસોટીમાંથી પસાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આ અદ્‌ભુત કાર્યથી તેમનાં ધર્મપત્ની ખૂબ જ પ્રભાવિત થયાં અને જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુભક્તિમાં જીવન વીતાવ્યું. અદ્‌ભુતાનંદ સ્વામીના ભાઇ વજુભાઇ તેમને ઘેર તેડી જવાના આશયથી ગાડું જોડીને વરતાલ આવ્યા. સ્વામીશ્રીએ પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી અસરકારક વાતો કરી કે ઘેર ન ગયા અને અહીં જ દીક્ષા લીધી. તેમના બીજા ભાઈ વિઠ્ઠલભાઈ તેડવા આવ્યા તેઓ પણ સંસારસુખ અનિત્ય સમજી સાધુ થઈ ગયાં. અદ્‌ભુતાનંદ સ્વામીએ કચ્છ ગુજરાતના ઘણાં ગામોમાં ફરી સત્સંગ કરાવ્યો હતો. ધોલેરા મંદિરની મહંતાઈ લેવા કોઇ તૈયાર ન હતું ત્યારે તેમણે મહારાજની આજ્ઞા માથે ચડાવીને ધોલેરા મંદિરનાં મહંત થયા. ભાલ દેશના વારણા ગામનાં હરિભક્તોની પરિસ્થિતિ દુર્બળ હોવાથી, અદ્‌ભુતાનંદ સ્વામીએ ત્યાં ચમત્કારિક સંકટભંજન હનુમાનની મૂર્તિ પધરાવી. સંવત ૧૯૩૯માં શાસ્ત્રીજી મહારાજે દીક્ષા લીધી ત્યારે તેમણે અદ્‌ભુતાનંદ સ્વામીની સેવાનો લાભ લીધો હતો. સંવત ૧૯૩૯માં તેઓ અક્ષરનિવાસી થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આવા અદ્‌ભુત જીવનપ્રસંગો ત્યાગી-ગૃહી સર્વ મુમુક્ષુઓ માટે અત્યંત પ્રેરણાદાયી છે.

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે વચ.ગ.અં.૨૪માં સોમલાખાચરની સત્સંગમાં સદાય એકસરખી રહેણી-કરણીના વખાણ કર્યા. (૧૦/૨૯)

૨. શ્રીજીમહારાજના લીલાચરિત્રોના ચાર નામ સત્સંગિજીવન, શ્રીહરિલીલાકલ્પતરુ, ભક્તચિંતામણિ, શ્રીહરિલીલામૃત.(૧૨/૩૬,૩૮,૩૯)

૩. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. (૧૩/૪૦)

૪. કૃષ્ણજીને દીક્ષા આપી સર્વજ્ઞાનંદ સ્વામી નામ પાડી અમદાવાદ મંદિરના મહંત કર્યા. (૨૯/૮૯)

૫. આજ્ઞારૂપી પાંખમાં મુખ્ય આજ્ઞા निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् એ છે. (૨૨/૬૮)

૬. હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું માટે તેમનો સમાગમ કરવો. (૩૩/૯૭)

**પ્ર.૫ માંગ્યા મુજબ વર્ણન કરો.**

**ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૨ સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું (૧૮/૫૫-૫૬) વચનામૃતનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ :**-શ્રીજીમહારાજ કહે છે : કીર્તન ગાવવાં, ભજન કરવું, ધૂન તથા નામરટણ કરવું તેમાં ભગવાનની સ્મૃતિ રાખીને કરવું, ભગવાનની સ્મૃતિ વિના ગાઈએ તો કદાચિત્ બાહ્ય આનંદ આવે, પણ શાંતિ થાય નહિ માટે સ્મૃતિ સહિત ક્રિયા કરીએ તેમાંથી શાંતિ અને સુખ બંને મળે છે. માત્ર ભજન કરીએ ત્યારે જ ભગવાનનું અનુસંધાન રાખવું તેમ નથી, જીવનની દરેક ક્રિયા કરતાં કરતાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો પ્રયત્ન રાખવો. ભગવાનની સ્મૃતિ વિના જે જે ક્રિયા કરીએ તે બંધનરૂપ થાય છે. વળી, બીજી ક્રિયા કરતી વખતે ભગવાનનું અનુસંધાન ન રહે તો ભજનમાં બેસીએ ત્યારે પણ વૃત્તિ સ્થિર ન થાય ને ભજનમાં બેઠા છતાં પંચવિષયના કે જગત-વ્યવહારના સંકલ્પ થયા કરે અને ભજનનું સુખ પણ આવે નહિ. તેથી જ શ્રીજીમહારાજ આપણને આગ્રહપૂર્વક કહે છે કે બધી ક્રિયા ભગવાનને સંભારીને જ કરવી. ભગવાનને સંભારવા જઈએ તો ક્રિયા કેવી રીતે થાય ? એ શંકા કદાચ થાય, પણ જેમ માછલી પાણીમાં રહેવા છતાં ક્રિયા કરે છે તેવી રીતે શુભાશુભ ફળની ઇચ્છા રાખ્યા વિના ઈષ્ટદેવની પ્રસન્નતા અર્થે હું આ ક્રિયા કરું છું, એવું અનુસંધાન રહે એ અખંડ સ્મૃતિ જ છે. આ પ્રમાણે કરવામાં મુશ્કેલી જણાય, પણ ભગવાન અને સંતની કૃપાથી અને સતત અભ્યાસથી ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પડે છે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- જેઠા મેર (૧૬/૫૧)** **ફક્ત નંબર :- ૨, ૩, ૫, ૮, ૧૦**

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- કિર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ; દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ, દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ (૨૬/૭૮)

૨. વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ,
વહાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએ રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ હસીને બોલાવતા રે લોલ. (૨૧/૬૪)

૩. પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુણિકા કપિવૃંદ કોટિ;
વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી
સ્વામિનારાયણ નામને પરહરી, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે;
કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણિયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે. (૬/૧૬)

૪. જે હરિ અક્ષરબ્રહ્મ આધાર પાર કોઈ નવ લહે રે લોલ, જેને શેષ સહસ્ત્રમુખ ગાય નિગમ નેતિ કહે રે લોલ.
વર્ણવું સુદર રૂપ અનુપ જુગલ ચરણે નમી રે લોલ, નખશિખ પ્રેમસખીના નાથ રહો ઉરમાં રમી રે લોલ. (૨૧/૬૩)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ/અષ્ટક/શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ૐ શ્રી ઉદારાય નમઃ, ૐ શ્રી સહજાનન્દાય નમઃ, ૐ શ્રી સાધ્વીધર્મ પ્રર્વતકાય નમઃ, ૐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ,
ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ, ૐ શ્રી પંચાયતનસમ્માનાય નમઃ (૧૫/૪૯)

૨. सद्ग्रन्थ–नित्यपठन –श्रवणादिसज्ज्वं ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजाल – पतिताखिल – जीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥ (૯/૨૭)

૩. જે સત્પુરુષો, દર્શન કરવાથી, સ્પર્શ કરવાથી, નમસ્કાર કરવાથી, પરિચર્યા કરવાથી દર્શનાદિક કરનારા પુરુષોના અનેક

જન્મોમાં કરેલા પાપપુંજને તત્કાળ સમૂળ નિશ્ચય નાશ કરે છે. વળી, જે સત્પુરુષોને શ્રીકૃષ્ણે ભગવાને પોતાના હૃદયસમાન પ્રિય કહ્યા છે તથા જેમના ચરણમાં તીર્થમાત્ર નિવાસ કરીને રહ્યા છે. હે માતા ! આવા સત્પુરુષોનો પ્રસંગ થાય તો મુમુક્ષુને આ લોકમાં કયો અર્થ દુર્લભ રહે ? કોઈ પણ અર્થ અવશેષ રહે નહીં. આ પ્રમાણે હરિએ સ્વમાતા ભક્તિદેવીના પ્રતિ સત્સંગનો મહિમા કહ્યો છે. (૩૨/૯૪)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, સાતમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૫)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **"કાશીએ ભણવા ન ગયા ?"** (૨/૫) ગુરુએ - મૂળજીને
મૂળજીના યજ્ઞોપવીત ધારણ કરવાની વિધિ વખતે કાશીએ જવાની વિધિ કરાવી ત્યારે વશરામ મામા મૂળજીને તેડીને આવ્યા ત્યારે.

૨. **"મહારાજે રાજી થઈને હાર આપ્યો છે તો રાખો."** (૨૪/૪૨) ગોપાળાનંદ સ્વામી - સ્વામીને
ચૈત્રી પૂનમના સમૈયામાં મહારાજે પોતાની કોટમાં જેટલા હાર હતા તે બધા જ સ્વામીને પહેરાવીને કહ્યું 'આ જૂનાગઢના મહંત' ત્યારે મૂંઝાયેલા સ્વામી આનાકાની કરવા લાગ્યા ત્યારે કહે છે.

૩. **"મને રસાસ્વાદ નડતો નથી. પણ બીજા દોષ નડે છે."** (૪૭/૭૫) ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી- સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)
સ્વામી જૂનાગઢથી વરતાલ પધાર્યા ત્યારે તેમણે સ્વામીની મોટપ જાણી હાથ જોડી વિનંતી કરતાં કહ્યું.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **ગુણાતીતાનંદ સ્વામીએ ગાનવિદ્યા શીખવાની ના પાડી.** (૧૭/૩૨) ધરમપુરનાં કુશળકુંવરબાના આગ્રહથી મહારાજ મુક્તાનંદ સ્વામી વગેરે સંતો હરિભક્તો સંઘ લઈને વરતાલથી ધરમપુર જઈ રહ્યા હતા. રસ્તામાં સુરત પાસે દેવાનંદ સ્વામી અચાનક માંદા પડ્યા. તેથી તેમને ત્યાં રોકાઈ જવું પડ્યું. પરંતુ તેમની સેવામાં કોણ રોકાય ? મહારાજ સાથે હરવા ફરવાનો લાભ છોડીને કોઈ સેવામાં ન રોકાય. આવે વખતે મહારાજની નજર હંમેશા ગુણાતીતાનંદ સ્વામી પર પડતી. તેથી સ્વામી દેવાનંદ સ્વામીની સેવામાં રોકાઈ ગયા. સ્વામીનું તો સેવાનું અંગ તેથી પ્રેમભરી સેવાથી દેવાનંદ સ્વામી સાજા થઈ ગયા. દેવાનંદ સ્વામીએ સ્વામીની આવી શ્રધ્ધાભરી સેવાથી રાજી થઈને પોતાની ગાનવિદ્યા સ્વામીને શીખવવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ સ્વામીનું તો ધ્યાનનું અંગ હતું. તેથી પોતાને સવારમાં મહારાજનું ધ્યાન મૂકીને ગાનવિદ્યાના સૂરો છેડવા ન ફાવે તેમ નમ્રતાપૂર્વક કહી ગાનવિદ્યા શીખવાની ના પાડી.

૨. **મહેમદાવાદના વેદાંતીઓ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો થયા.** (૧૮/૩૩-૩૪) સ્વામી મહેમદાવાદ પધાર્યા. ત્યાં શુષ્ક વેદાંતીઓ સ્વામીને માત કરવાના આશયથી મંદિરમાં આવ્યા. ત્યારે સ્વામીએ તેઓને સાચા બ્રહ્મની ઓળખ આપતા શુકજી અને વ્યાસજીની વાત કરતાં કહે છે તેઓ વૃક્ષમાં રહીને બોલ્યા હતા. તમે બ્રહ્મ હોવ તો આ થાંભલામાં રહીને મને જવાબ આપો. બ્રહ્મસ્થિતિ પામનારને કહેવું પડતું નથી કે હું બ્રહ્મ છું. જગત એની મેળે જાણે છે. આમ કહી સ્વામીએ પોતાના શરીરમાંથી પ્રકાશ પ્રગટ કર્યો અને મકાન ચૈતન્ય થઈ હલવા લાગ્યું. જો તમે બ્રહ્મ હો તો આ તેજ સમાવી દ્યો. પછી સ્વામીએ જ તેજ સમાવી દીધું. આવો સ્વામીનો પ્રતાપ જોઈ વેદાંતીઓ સ્વામીના શિષ્ય થયા.

૩. **જૂનાગઢમાં સ્વામીની વાતો સાંભળીને નિત્યાનંદ સ્વામી બહુ રાજી થયા.** (૨૯/૫૦) ચોમાસામાં નિત્યાનંદ સ્વામી જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. સ્વામી સભામાં તેમની પાસે જ વાતો કરાવતા. તેથી તેમણે સ્વામીને કહ્યું 'અમે તમારી વાતો સાંભળવા આવ્યા છીએ અને તમે તો મંદિરનું કામ કર્યા કરો છો.' ત્યારે સ્વામીએ કહ્યું બધાને મારી વાતો સદે તેવી નથી. તેથી નિત્યાનંદ સ્વામીએ કહ્યું તમે તો જોગી છો માટે તમારી વાતો તો સૌને સદે જ. ત્યારે સ્વામીશ્રી પૂર્વાશ્રમમાં બળદ ખરીદવા ગયેલા તે પ્રસંગ કહેતાં કહ્યું ડોશીએ બળદને પગે લાગીને કહ્યું હતું 'મારો ખીલો લજવીશ નહિ.' એમ શ્રીજીમહારાજે આપણને સામા ધવરાવ્યા છે. રાત-મધરાત જોયાં નથી. વાતો કરી પોતાનો મહિમા સમજાવ્યો છે. દર્શન-પ્રસાદીનું સુખ આપ્યું છે. માટે હવે આજ્ઞા-ઉપાસનામાં ગુડિયું વાળવી નહિ. ગુડિયું વાળીએ તો મહારાજનો ખીલો લાજે. તે સાંભળી નિત્યાનંદ સ્વામી રાજી થયા.

૪. **શ્રીજીમહારાજે સ્વામીને કહ્યું, 'તમારી ભક્તિથી વરસાદ થયો.'** (૧૬/૩૧) ઉમરેઠમાં નંદરામ ઠાકરને ત્યાં મહારાજે જાતે પીરસીને સૌ સંતોને રસ-રોટલી જમાડ્યાં. ખૂબ જમ્યા હતા અને ખૂબ તાપ હોવાથી સંતો અકળાયા હતા. તેમાં મહારાજે આજ્ઞા કરી કે સંતો આજે તો તમે લોભિયાનું અન્ન જમ્યા છો માટે ઊભાં ઊભાં ઝીલણીયાં કીર્તનો બોલો તો અન્ન પચી જાય. સ્વામી તથા તદ્રૂપાનંદ સ્વામી ઊભા થયા. સ્વામીને લગભગ પાંચસો કીર્તનો કંઠે હતાં. તે એક પછી એક કીર્તનો ઝિલાવતા ગયા. બે કલાક સુધી કીર્તન-ભક્તિ ચાલી. મહારાજની ઈચ્છાથી આકાશ વાદળોથી આચ્છાદિત રહ્યું. ને સભા પછી તરત જ વરસાદ પડ્યો. પોતાની આજ્ઞાથી સ્વામીએ અવિરત કીર્તનો ગાયાં. તેથી રાજી થયેલાં શ્રીજીમહારાજે કહ્યું 'તમારી ભક્તિથી વરસાદ થયો.'

**પ્ર.૧૧ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન (૩૦/૫૧) ૧.** જૂનાગઢમાં જન્માષ્ટમીની સભામાં ગોપાળાનંદ સ્વામીએ વાત કરતાં કહ્યું 'તમે બધા સ્વામીને જેવા છે તેવા ઓળખતા નથી.' મને મહારાજે શ્રીમુખે સ્વામીનો મહિમા કહ્યો છે કે આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એમ કહી ભાદરાના હરિભક્તો પાસે પણ મહારાજે સૌ પ્રથમ સ્વામીનો મહિમા કહ્યો હતો તેની વાત કરાવી. **૨.** ધ્યાન કરતાં ઘનશ્યામદાસ (નાજા જોગિયા) ને સ્વામીએ કહ્યું, ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ? ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાંવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા ? ત્યારે ઘનશ્યામદાસે કહ્યું : 'સ્વામી ! મારા અંતરમાં એવો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા ! **૩.** વરતાલ ચૈત્રી પૂનમના સમૈયામાં ગોપાળાનંદ સ્વામી ભોયકાના માલજી સોનીના પ્રશ્નના જવાબમાં કહે છે મેં તને નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. માટે ઓળખી લેજે. આ વાત શાસ્ત્રીજી મહારાજે માલજી સોની પાસેથી સાંભળેલી ને ઘણા મુમુક્ષુઓને ત્યાં લઈ જઈને સંભળાવેલી.

૨. **અનાદિના સેવક (૨૧/૩૭)** મહારાજની આજ્ઞાથી સ્વામી વરતાલમાં કેટલાક માંદા સાધુઓની સેવા કરતા હતા. એકવાર માંદા સાધુઓની ગોદડીઓ સાથે કેટલાક સાજા સાધુઓએ પણ પોતાની ગોદડીઓ ધોવા આપી. સ્વામી અઢાર ગોદડીઓ ગોમતીમાં ધોઈ પોતાના બંને ખભે લઈને મંદિરે આવતા હતા. ત્યારે હનુમાનવાળા દરવાજે મહારાજ મળ્યા અને અલૌકિક દૃષ્ટિમિલન ચાલ્યું. થોડીવારે મહારાજ સભામાં આવી અકળામણ બતાવી કહેવા લાગ્યા કે, 'પેલા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લો. આમ, સ્વામી સાથે પોતાની એક્તા બતાવી. સદ્ગુરુ સંતોને બોલાવી કહ્યું, 'આ તો બહુ સમર્થ સાધુ છે. કાં જે જેમ સાણસામાં સાપ પકડે તેમ ત્રણે અવસ્થામાં અમારી મૂર્તિ એમણે ઝાલી છે.' એમની જેમ બીજાને અમારી મૂર્તિ પકડવી કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક છે. તેમના દ્વારા અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે.

૩. **સંતોને શિખામણ (૩૯/૬૪)** દેશમાં ફરતા સંતોને સ્વામી શિક્ષાનાં વચનો કહેતા. મહારાજે સત્સંગમાં બાંધેલી પ્રથા મુજબ જ વર્તવું. જ્યાં જાવ ત્યાં કથાવાર્તાનો આગ્રહ રાખવો. આપણી ક્રિયાથી હરિભક્તો રાજી થાય તેમ વર્તવું. મહારાજની સર્વોપરી નિષ્ઠા હોય અને આજ્ઞા અભંગ પાળતા હોય એવા હરિભક્તો પાસેથી આપણે ઉપદેશ ગ્રહણ કરવો. તેમનાં દર્શન ઈચ્છવાં અને તેમનો સમાગમ કરવો. દરેક કામમાં ગુરુ આગળ ચાલે ત્યારે શિષ્ય ગુરુને અનુસરે. મોવડી જ્યારે સેવા કરી દેહ ઘસી નાખે, ત્યારે જ શિષ્યોને સેવા કરવાનું બળ મળે. સ્વામી હંમેશા પૂજા કર્યા પછી સંતોને આસને આસને પ્રણામ કરવા પધારતા. કથા પછી દરેક સંતને સેવા ચીંધતા. જેથી કથામાં સેવાના વિચાર ન આવે. માંદા સંતો-પાર્ષદોની પાસે જઈ ખબરઅંતર પૂછતા. તેઓની સારવાર જાતે કરતા. સ્વામીશ્રીએ જાતમહેનતથી-સેવાથી વિશાળ મંદિરની રચના કરી હતી. સ્વામીનું આદર્શ જીવન ભક્તોને ઉદાહરણરૂપ હતું. તેથી ભક્તોનો ઉત્કર્ષ થતો.

**પ્ર.૧૨ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. મૂળજી ભક્તને ડભાણમાં સંવત ૧૮૬૬ના પોષ માસની પૂનમે દીક્ષા આપી. (૫/૧૬)
૨. કૃપાનંદ સ્વામી, ભાઈ આત્માનંદ સ્વામી, મોટા રામદાસ, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્ગુરુઓ ગુણાતીતાનંદ સ્વામીની માગણી કરતા. (૧૨/૨૭)
૩. સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ, ઈચ્છાગ્રંથિ, હૃદયગ્રંથિ, અહંગ્રંથિ. (૩૪/૬૦)
૪. જો હેત અને વિશ્વાસ હોય અને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં. (૪૪/૭૧)
૫. દરબાર ને ઘેર દીકરો થાય ને તે સત્સંગી થઈને આપણને દરબારમાં ઉતારે તેવો સંકલ્પ કર્યો. (૧૩/૨૯)
૬. હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી. (૧૪/૩૦)

**પ્ર.૧૩ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **ઉત્તમ વક્તા (૧૧/૨૫) ૧.** સ્વામીની ઉપદેશની શૈલી સચોટ અને વેધક હતી. પોતાના ઈષ્ટદેવનો અપાર મહિમા, તેમના પ્રત્યેની પરાભક્તિ સાથે ધર્મ, જ્ઞાન વૈરાગ્યાદિ ગુણોને પોષણ આપતી તેમની વાણી હતી. એકવાર મહારાજને તેમણે ચાર પ્રશ્નો પૂછયા, ભગવાનનું અખંડ ધ્યાન કરવું, આત્મરૂપે વર્તવું, માંદાની સેવા કરવી અને વાતો કરવી - આ ચાર સાધનમાં કયું શ્રેષ્ઠ છે ? ત્યારે મહારાજે કહ્યું વાતો કરવી શ્રેષ્ઠ છે. શ્રોતા અને વક્તા બંને માટે કલ્યાણકારી છે. ત્યારથી સ્વામીએ વાતોનો સોપો પડવા દીધો નથી. **૨.** સદ્ગુરુઓને ગોવાળ મંડળીની જેમ જમવા બેસાડ્યા હતા ત્યારે મહારાજે સંતોને સ્વામી માટે કહ્યું : એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે અને જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન પેટમાં ભરે છે. પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે, નહિ તો અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે છે. **૩.** પંચાળામાં સંતોને જમાડતા હતાં ત્યારે વંથળીના કલ્યાણભાઈને સ્વામીની ઓળખ આપતા મહારાજ કહે છે 'આ સાધુને ઓળખો છો ?' આ તો અમારું અક્ષરધામ છે, ઓળખી રાખજો.' એમ કહી સ્વામીના પત્તરમાં ચાર લાડુ નાખ્યા.

**ભાવાર્થ:-** **૧.** મહારાજની આજ્ઞા પ્રમાણે અખંડ કથાવાર્તાથી જ જીવોનું કલ્યાણ થાય છે. **૨.** અતિ સામર્થ્યવાન હોવા છતાં સામર્થી ઢાંકીને જેમ વર્ત્યા તેમ આપણે પણ ગમે તેટલી ઊંચી પદવી પર પહોંચીએ છતાં નિર્માની થઈને રહેવું. **૩.** અક્ષરબ્રહ્મની સાચી ઓળખ તો પરબ્રહ્મ જ આપી શકે.

**નોંધ : પ્રસંગ-૧ ફરજિયાત છે. પ્રસંગ-૨ અને પ્રસંગ-૩ ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૨. **'અમારું અક્ષરધામ બક્ષિસ' (૨૫/૪૨)** ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા. તે સભામાં પિપલાણાના કુરજી દવે બેઠેલા હતા. તેમને મહારાજે યાદ કરાવતાં કહ્યું. અમે લોજમાં નીલકંઠ વર્ણીરૂપે હતા. તે સમયે તમે રામાનંદ સ્વામીના સમાચાર લાવ્યા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તમને માથાનો તરફાળ (રૂમાલ) ભેટ આપ્યો હતો. તે વખતે અમારી પાસે કાંઈ ન હતું. તેથી અમે તમને કહ્યું હતું 'અમે શું આપીએ ? પણ જાઓ અમે તમને અમારું અક્ષરધામ બક્ષિસ આપીશું.' આ સમાચાર સાંભળી કુરજી દવે રાજી થયા કે મહારાજ કંઈક આપશે. ત્યારે મહારાજે કહ્યું 'લો આ ગુણાતીતાનંદ સ્વામી જે અમારું અક્ષરધામ છે તે તમને બક્ષિસ આપીએ છીએ.' સોરઠના હરિભક્તોને અમારું સુખ અમે યથાર્થ નથી આપી શક્યા. તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. માટે તેમની સેવા અને સમાગમ કરશો તો તમારું કામ થઈ જશે પછી સ્વામીને આશીર્વાદ આપ્યા કે 'જે જૂનાગઢ આવી તમારી અનુવૃત્તિ સાચવી સેવા કરશે તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાંખીશું. એટલું કામ તમારું કરીશું.'

**ભાવાર્થ:-** જેની પાસે જે વસ્તુ હોય તેની બક્ષિસ તે આપી શકે. પોતે પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ છે અને તેઓ અક્ષરધામના અધિપતિ છે માટે જ અક્ષરધામ બક્ષિસ આપી શકે.

૩. **ભક્તવત્સલ (૩૫/૬૦)** સ્વામી જૂનાગઢમાં બિરાજતા હતા. ત્યારે દેશ-દેશના હરિભક્તો દર્શને આવ્યા. આખાના બ્રાહ્મણ મૂળજી શ્રોત્રિય સ્વામી પાસે આવ્યા. સ્વામીએ અંતર્યામીપણે ખબર પૂછયા. તેમણે દીકરા વાલજીનાં લગ્નની વાત કરી. સ્વામીએ એક સાલ થોભી જવા કહ્યું. મૂળજીની પણ એ જ ઈચ્છા હતી. વેવાઈના દબાણથી વાલજીનાં લગ્ન કરવાં પડ્યાં. સ્વામીને વાત કરી. સ્વામી નારાજ થયા પણ કહ્યું કે વાલજીને શેરડીના વાઢે ચીચોડો ફરતો હોય ત્યાં જવા ન દેતા. મૂળજીએ ઘેર જઈ વાલજી વાઢે ન જાય તે કાળજી રાખવા માંડી. ભગવાનને કરવું ને ચિંચોડો બંધ થવાનો હતો તેને આગલે દિવસે વાલજી મિત્રો સાથે ખેતરે ગયો. એનો બાપ મૂળજી બહારગામ ગયો હતો. વાલજી ચિંચોડા પાસે જઈ શેરડી નાખવા લાગ્યો. અચાનક તેનો હાથ ચિંચોડામાં આવી ગયો. ત્યાં જ બેભાન થઈ ગયો અને દેહ પડી ગયો. સ્વામી તો ભક્તવત્સલ હતા તેથી આ પ્રમાણે કાળજી રાખવા કહ્યું પણ સ્વામીના વચનની અવજ્ઞા કરી તેનું પરિણામ સૌએ જોયું. સ્વામી ફરતાં ફરતાં થાણાગાલોલ પધાર્યા. સ્વામીએ ગામને પાદર આવી ગામના હરિભક્ત જસા ભગતને બોલાવ્યા. સ્વામીને પગે લાગી દંડવત કરી, દિલગીરીપૂર્વક પોતાની મૂંઝવણ વ્યક્ત કરતાં જણાવ્યું, 'ગોપાળાનંદ સ્વામીએ આ ગામ છોડવાની મને ના પાડી હતી. કારણ આ રસ્તાનું ગામ છે. તેથી આવતા-જતા સાધુ સંતોની સેવા થાય. પરંતુ હાલમાં મારો વ્યવહાર દૂબળો થઈ ગયો છે.' સ્વામીએ દૂબળા વ્યવહારનું કારણ આપતાં જણાવ્યું કે, 'તમે સમૈયે આવતા નથી, ધર્માદો આપતા નથી તેથી આ દુઃખ આવ્યું છે.' પછી સ્વામીએ તેમને તેમના ઘરમાંથી થોડા દાણા અને કપડું લાવવાં કહ્યું. જસા ભગત સીધું અને કપડું લાવ્યા. કપડાંનો ગળણા તરીકે ઉપયોગ કર્યો. સીધામાંથી સંતોએ દાળ રોટલા બનાવ્યા તે સ્વામી જમ્યા પછી તેમને ખેતરે પધારી જમીન પાવન કરી બોલ્યા, 'આ તો કાચું સોનું છે પણ ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો. મહારાજની અણીશુધ્ધ આજ્ઞા પાળજો અને સમૈયે આવતા રહેજો.' આમ ભક્તવત્સલ સ્વામી હરિભક્તોના વ્યવહારની ખબર રાખતા સાથે સાથે તેમને ધર્મ નિયમમાં પણ વર્તાવતા. દેશકાળે હરિભક્તો કદાચ પાછા પડે પણ દયાળુ સ્વામી સૌને સાચવી લેતા.

**ભાવાર્થ:-** **૧.** સત્પુરુષની આજ્ઞા પાળીએ તો જ સુખી થવાય. **૨.** વ્યવહારે સુખી થવું હોય તો શિક્ષાપત્રી પ્રમાણે નિયમિત રૂપે ઠાકોરજીનો દસમો ભાગ કાઢીએ તો ક્યારેય વ્યવહારે દુઃખ ન આવે.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૩૩/૫૮) **૨.** ૩, ૪ (૩૭/૬૩, ૪૦/૬૬)

**૩.** ૧, ૨, ૩ (૨૦/૩૬, ૭/૨૦, ૧૯/૩૫) **૪.** ૧, ૨ (૩૩/૫૮, ૪૩/૬૮)